**બઢતીનો અભાવ અથવા બઢતીની મર્યાદિત તકોનો પ્રશ્ન હાથ ધરવા માટે ઉચ્ચતર પગાર ધોરણની યોજના.**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૯૪-૪૦-મ ,
સચિવાલય ,ગાંધીનગર.
તા. ૩૧-૩-૧૯૯૪.

**ઠ રા વ :-**

નાણા વિભાગના તા. ૫-૭-૯૧ ના સરકારી ઠરાવ ક્રમાંકઃ એઓપી-૧૦૯૧-૩-મ ના ફકરા-૧૦ થી એવી જોગવાઈ કરવામાં આવી છે કે જેમણે કોઈપણ કારણસર બઢતી જતી કરી હોય તેમને ઉચ્ચતર પગાર ધોરણની યોજનાનો લાભ આપી શકાય નહિ. ત્યાર બાદ તા. ૨૫-૧-૯૩ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૯૩-૨૩-મ થી એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે તા. ૧-૧-૮૭ ના રોજ કે તે પહેલાં કે તે પછી જે જગ્યા પર કર્મચારી હોય તે અને તે જગ્યા પરથી તેને બઢતી આપવામાં આવી હોય અને તેનો અસ્વીકાર કર્યો હોય તેવા કિસ્સાઓમાં ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળી શકે નહિ.

૨. કર્મચારીઓનાં મંડળો તરફથી એવી રજુઆતો સરકારને મળી હતી કે તારીખ ૫-૭-૯૧ પહેલાં જ્યારે ઉચ્ચતર પગાર ધોરણની યોજના અમલમાં ન હતી તે સમયે બઢતીનં અસ્વીકાર કરનાર કર્મચારીને ઉચ્ચતર પગાર ધોરણના લાભથી વંચિત રાખવો જોઈએ નહિ.,

૩. મંડળની રજુઆત ઉપર સરકારે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી અને બઢતી જતી કરવાના કારણે કર્મચારી તેની પ્રવરતા (Seniority) ગુમાવે અને પરિણામે તેને તેના જુનીયરનો પગાર મળી શકે નહીં તે બાબત ધ્યાનમાં લેતાં પુખ્ત વિચારણાને અંતે આથી એવું ઠરાવવામાં આવે છે કે તા. ૫-૭-૯૧ પહેલાં જો કોઈ કર્મચારીએ તેને આપવામાં આવેલ બઢતીનો કોઈપણ કારણોસર અસ્વીકાર કર્યો હોય, પરંતુ તારીખઃ ૫-૭-૯૧ ના ઠરાવની અન્ય શરતો પરિપૂર્ણ થતી હોય તો તેને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપી શકાશે. તા. ૫-૭-૯૧ પછી કોઈ પણ કારણોસર પછી તે અંગત કારણો

..૨..

હોય, બિમારીને કારણે હોય, વહીવટી (એટલે જેમ કે ટૂંકા ગાળા માટેની બઢતી હોય) કારણોસર કે અન્ય કોઈ કારણસર બઢતી જતી કરી હોય તેને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપી શકાશે નહિ.

ઉપરના ફકરા-૩ માં બઢતી જતી કરનાર કર્મચારીને ઉચ્ચતર પગાર ધોરણ આપવાનો લાભ નીચેની શરતોને આધીન રહેશે.

(૧) આ રીતે, તા. ૫-૭-૯૧ પહેલાં બઢતી જતી કરનાર કર્મચારીને આ ઠરાવની જોગવાઈ અનુસાર ૯-૧૮-૨૭ ની યોજનાનો લાભ આપવામાં આવે અને તે કર્મચારીનો પગાર ઉચ્ચતર પગાર ધોરણમાં જે નક્કી થાય તે પગાર તેના જુનીયર કર્મચારી કરતાં કે જેણે બઢતી સ્વીકારી હતી તેના કરતાં ઓછો થાય તેવા કિસ્સામાં તે જુનીયર કર્મચારીના પગાર ધોરણનો/ સ્ટેપીંગ અપ કે જુનીયરને મળેલ અન્ય પગાર ભથ્થાંનો હક્ક દાવો કરી શકશે નહિ. દા. ત. તારીખઃ- ૧-૧-૧૯૮૬ ના રોજ સીનીયોરીટી લીસ્ટ ઉપરના ક્રમ-૧ થી ૧૦ ઉપરના કર્મચારીઓને બઢતી આપવામાં આવી હોય અને આ પૈકી ક્રમ-૩ અને ૬ સામેના કર્મચારીઓએ બઢતી સ્વીકારી ન હોય, હવે આ આદેશોના કારણે ક્રમાંકઃ૩ અને ૬ સામેના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવે તો તેમના જુનીયર કર્મચારીઓ કે જેમને અગાઉ બઢતી મળી ગઈ છે, તેમના કરતાં ક્રમ-૩ અને ૬ સામેના કર્મચારીઓને પગાર ઓછો નિયત થાય તો પણ તેઓ સ્ટેપીંગ અપ માટે હક્કદાર થશે નહીં.

(૨) તા. ૫-૭-૯૧ પહેલાં બઢતી જતી કરના કર્મચારીને આ રીતે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવે ત્યારે લાભ મેળવનાર કર્મચારીએ આ ઠરાવ સાથેના જોડાણ મુજબનું બાંહેધરી પત્રક સક્ષમ અધિકારીને આપવાનું રહેશે. આવું બાંહેધરી પત્રક મળ્યા બાદ જ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરનાર સક્ષમ અધિકારીએ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

૪. સરકારી મંડળો દ્વારા સરકાર સમક્ષ એવી પણ રજુઆત કરવામાં આવી હતી કે જે તે પગાર ધોરણ અને સંવર્ગમાં કર્મચારીએ ફરજ બજાવી હોય અને તે જ પગાર ધોરણમાં પણ અન્ય સંવર્ગમાં તેની બદલી થાય તો અથવા સંવર્ગનું નામાભિધાન બદલાય , અથવા તો તે સંવર્ગને અન્ય સંવર્ગમાં અંતર્ગત ( Encadre ) કરવામાં આવે તો તેવા કિસ્સાઓમાં આગલા સંવર્ગની સેવાઓ ઉચ્ચતર પગાર ધોરણની યોજનાનો લાભ આપવા માટે ગણતરીમાં લેવી જોઈએ. સરકારે મંડળની આ માગણી પણ સહાનુભૂતિપૂર્વક વિચારી છે અને પુખ્ત વિચારણાને અંતે આથી એવું ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારે કર્મચારીની સ્વ-વિનંતી સિવાયની જે એકાકી ( Isolated ) સંવર્ગોને અન્ય સંવર્ગોમાં અંતર્ગત ( Encadre ) કરી દીધા છે તેવા અથવા હવે પછી અંતર્ગત ( Encadre ) કરવામાં આવે તેવા સંવર્ગોને અગાઉના એકાકી ( -Isolated ) સંવર્ગની સેવા અથવા તો એવા સંવર્ગો કે જેનું પગાર ધોરણ સમાન હોય પણ નામાભિધાન બદલાયું હોય તો તેવી સેવા ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે ધ્યાનમાં લઈ શકાશે. એ જ રીતે વ્યક્તિગત કિસ્સામાં પણ સરકારે જો જાહેર હિતમાં કર્મચારીને એક સંવર્ગમાંથી બીજા સંવર્ગમાં બદલી કરી હોય અને આ જગ્યાઓનું પગાર ધોરણ સમાન હોય તો બંને સંવર્ગોમાં બજાવેલ સેવા ૯-૧૮-૨૭ ની ઉચ્ચતર પગાર ધોરણની યોજના માટે અન્ય શરતોને આધીન રહી ગણતરીમાં લઈ શકાશે. આ માટે સંબંધિત કચેરીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે. કે, સંબંધિત કર્મચારીનું સંવર્ગ જાહેર હિ.માં બદલાયેલ છે.

૫. ઉપર જણાવ્યા મુજબ કર્મચારીનું સંવર્ગ કે સંવર્ગનું નામાભિધાન જાહેર હિતમાં સરકાર દ્વારા બદલવામાં આવે કે બદલવામાં આવ્યું હોય તો તેવા કિસ્સામાં જ અગાઉના સંવર્ગની સેવા ગણતરીમાં લેવાની રહે છે.

..૪..

દા. ત. ટેલીફોન ઓપરેટર કે કોમ્પ્યુટરના સંવર્ગને સરકારે કારકુનના સંવર્ગમાં સામેલ કરેલ છે. જો ટેલીફોન ઓપરેટર કે કોમ્પ્યુટર તરીકે બજાવેલ સેવાને ટેલીફોન ઓપરેટર કે કોમ્પ્યુટરની પ્રવર્તતા માટે ગણાતી હોય અને માન્ય પધ્ધતિ ધ્વારા ભરતી કરવામાં આવેલ હોય તો તે સેવાને કારકુનના સંવર્ગમાં મુક્યા છતાં અગાઉની સેવાઓ ઉચ્ચતર પગાર ધોરણ માટે ગણતરીમાં લઈ શકાશે. પરંતુ, કોઈ કર્મચારી પોતાની સ્વ-વિનંતીથી એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં બદલી કરાવે કે સંવર્ગ બદલાવે અને પોતાની પ્રવર્તતા ગુમાવે તે સંજોગોમાં તેની અગાઉની સેવાનો લાભ ઉચ્ચતર પગાર ધોરણ માટે મળી શકશે નહીં. આ અંગે વિગતવાર ઉદાહરણો નીચે મુજબ છે.

ઉદાહરણઃ- એક ડ્રાયવર-સ્વ-વિનંતીથી સંવર્ગ બદલીને કારકુન સંવર્ગમાં આવે છે આ ડ્રાયવર કારકુન સંવર્ગમાં આવતા, ડ્રાયવર સંવર્ગમાંથી પ્રવરતા ગુમાવશે. હવે, કારકુન સંવર્ગમાં પ્રવરતા યાદીમાં સૌથી નીચે મુકાશે. કારકુન સંવર્ગ પર ૫૦૦ કર્મચારી છે. આ ડ્રાયવરે પ્રવરતા ગુમાવેલ હોવાથી, કારકુનની પ્રવરતા યાદીમાં ક્રમ-૫૦૧ મેળવશે. આ ડ્રાયવરે, ડ્રાયવર સંવર્ગમાં ૮(આઠ) વર્ષની સેવા બજાવેલ છે. હવે ડ્રાયવર સંવર્ગના ૮ વર્ષ અને કારકુન સંવર્ગના ૧ વર્ષ એમ કુલ ૯ વર્ષ ગણવાના રહેશે નહીં. કારકુન સંવર્ગમાં હાજર થયા બાદ ૯ વર્ષની કારકુની સેવા બજાવ્યા બાદ જ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું છે.

ઉદાહરણઃ- એક કર્મચારી સ્વ-વિનંતીથી ખેડા જીલ્લો બદલીને અમદાવાદ જીલ્લામાં આવે છે. આ કર્મચારી પ્રવરતા ગુમાવે છે. અમદાવાદ જીલ્લામાં પ્રવરતા યાદી પર ૫૦૦ કર્મચારી છે. આ કર્મચારીએ પ્રવરતા ગુમાવેલ હોવાથી અમદાવાદના કર્મચારીની પ્રવરતા યાદીમાં ક્રમ-૫૦૧ મેળવશે. આ કર્મચારીએ ખેડા જીલ્લામાં ૮ વર્ષની સેવા બજાવેલ છે. હવે અમદાવાદ જીલ્લામાં હાજર થયા બાદ ૯ વર્ષની સેવા બજાવ્યા બાદ જ ઉચ્ચતર